મોડાસામાં વેપારીઓના સાહસના લીધે સુરત ઘટનાનું પુનરાવર્તન અટક્યું

મોડાસા, તા. ૨૨

સુરત ટ્યુશન ક્લાસમાં વીજફોલ્ટ બાદ લાગેલી આગમાં ૨૨ માસુમો ભડથું થઈ જતા ટ્યૂશન ક્લાસ અને વીજતંત્રની બેદરકારી બહાર આવી હતી. મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા મારુતિ એપાર્ટમેન્ટ નજીક આવેલ વીજડીપીમાં બ્લાસ્ટ થવાની સાથે આગ લાગતાં કોમ્પ્લેક્ષમાંથી દુકાનદારો અને એપાર્ટમેન્ટના રહીશો પણ બહાર દોડી આવ્યા હતા. ડીપીમાં લાગેલી આગને દુકાનદારોએ પાણીનો મારો અને રેતી નાખી હોલવી દેતા મોટી જાનહાની ટળી હતી.

શનિવારે બપોરે મોડાસા શહેરના માલપુર રોડ પર ન્યાયાધીશ બંગ્લોઝની સામે અને મારુતિ એપાર્ટમેન્ટ નજીક

આવેલી વીજડીપીમાં અચાનક શોર્ટ સર્કિટ થવાની સાથે બ્લાસ્ટ થતા આગ ફાટી નીકળી હતી. વીજડીપીમાં બ્લાસ્ટ થતા એપાર્ટમેન્ટમાં આવેલા દુકાનદારો અને ફ્લેટમાં રહેતા રહીશોમાં અફડાતફડી મચી હતી.

દુકાનદારોએ વીજતંત્રને જાણ કરતા વીજતંત્ર પહોંચે તે પહેલા આગ ભયાનક સ્વરૂપ પકડાતા વેપારીઓએ પાણીનો મારો ચલાવી અને રેતી-ધૂળ બાલટીમાં લઈ છંટકાવ કરી આગ હોલવાતા મોટી જાનહાની ટળી હતી.

સાંઈ મંદિરથી ૧૦૦ મીટર દૂર અને સતત રાહદારીઓ અને વાહનોથી ધમધમતા માલપુર રોડ પર વીજડીપીમાં બ્લાસ્ટ થતા સદનસીબે બ્લાસ્ટ સમયે કોઈપણ વ્યક્તિ હાજર ન હોવાથી જાનહાની ટળી હતી.

પાલનપુરમાં દસ મોબાઈલ સાથે શખ્સ ઝડપાયો

પાલનપુર

પાલનપુર ડોકટર હાઉસ વિસ્તારમાંથી પશ્ચિમ પોલીસની ટીમે શુક્રવારે એક શંકાસ્પદ વ્યકિતની તલાસી લેતાં તેની પાસેથી રૂપિયા ૭૯૦૦૦ના દસ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. જેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પાલનપુર પશ્ચિમ પોલીસ મથકની ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન શહેરના ડોકટર હાઉસ વિસ્તારમાંથી મુળ રાજસ્થાનના રાજપુર ગામનો વિક્રમભાઈ કાનજીભાઈ માજીરાણા શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો હતો. જેની અંગ જડતી લેવામાં આવતાં પ્લાસ્ટીકની થેલીમાંથી અલગ-અલગ કંપનીના રૂપિયા ૭૯,૦૦૦ની કિંમતના એન્ડ્રોઈડ ફોન નંગ દસ મળી આવ્યા હતા. આ અંગે તેની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વડગામ પંથકમાં બીજીવાર વરસાદની ધમાકેદાર શરૂઆત

વડગામ,

વડગામ તાલુકામાં વાયુ વાવાઝોડા ની અસર સમયે સમગ્ર

વડગામ પંથકમાં સહીત બનાસકાંઠામાં અષાઢી માહોલ સર્જાયો હતો ઠેર ઠેર વરસાદ થયા બાદ તડકો નિકળતાં બે ત્રણ દિવસ ભારે ઉકળાટ-ગરમીથી લોકો ત્રસ્ત થઈ ઉઠ્યા હતા

ભારે ગરમી અને ઉકળાટ બાદ શનિવારના સાંજના પાંચ વાગ્યાના સુમારે ચોમાસાની શરૂઆતમાં જ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી ભારે વરસાદ બાદ ગરમીના બફારાથી ઉકળી ઉઠેલા લોકોમાં ટાઢક પ્રસરી હતી. સતત પડેલા વરસાદથી રસ્તાઓ ઉપર નદીની જેમ પાણી વહી રહ્યા હતાં. અસહ્ય ગરમી અને ભારે ઉકળાટ બાદ ટાઢક પ્રસરતા લોકોમાં આનંદ છવાયો હતો. વરસાદ પડતાં નાના ટાબરીયાઓ નાહીને પાણીમા છબબીયા મારતાં જોવા મળતા હતાં. ભારે વરસાદથી વડગામ પંથકમાં નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. વરસાદની એન્ટ્રી થતાં જ લાઈટ ગાયબ થઈ ગઈ હતી. વરસાદ પડતાં જ લોકો ઘરોમાં ભરાયાં હતાં. સાંજના સમયે વિજળી ગાયબ થઈ જતાં ગૃહિણીઓને રસોઈ બનાવવામાં મુશ્કેલીઓ વેઠવી પડી હતી. મેઘરાજાએ મહેર કરતાં લોકોમાં આનંદ છવાયો હતો. આકાશમાં કાળા ડીબાંગ વાદળો છવાયા હતા.

વડગામ સહિત તાલુકાના કેટલાક ગામોમાં ભારે પવન તેમજ મામુલી વરસાદ વરસી રહ્યો હોવાના વાવડ મળી રહ્યા છે. શનિવારે થયેલો વરસાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પડ્યો હતો. વડગામ માં માત્ર છુટાછવાયા છાંટા પડયા હોવાનું મામલતદાર કચેરીના ડીઝાસ્ટરના સુત્રોએ જણાવ્યું હતું. મોસમનો કુલ વરસાદ ૭૭ એમ.એમ. ડીઝાસટરના ચોપડે નોંધાવા પામ્યા છે.

ખેડબ્રહ્મા તાલુકાના પઢારા ગામે લાયસન્સ વગરની બંદૂક પકડાઈ

પો.ઈન્સ. ખેડબ્રહ્મા સર્કલના માર્ગદર્શન હેઠળ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચેકિંગ દરમ્યાન પઢારા ગામેથી લાયસન્સ વગરની



ગેરકાયદેસર હથિયાર દેશી બનાવટની સીંગલ બેરલ ફુલ્લીદાર બંદુક(અગ્નિશસ્ત્ર) પકડી પાડી આર્મસ એકટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ખેડબ્રહ્મા પોલીસના એમ.પી. કોટવાલ, પો.સ.ઈ., પોલીસ સ્ટાફના વિષ્ણુભાઈ અમરાજી(એ.એસ.આઈ), દિલીપભાઈ ભાણજીભાઈ, કેતનભાઈ આમીરભાઈ, સંજયભાઈ રૂપાભાઈ, પ્રદિપસિંહ મહેન્દ્રસિંહ સહિતના પોલીસ કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા, તે દરમ્યાન બાતમીને આધારે ખેડબ્રહ્માના પઢારા ગામમાં રહેતા બચુભાઈ ગુગાભાઈ ખોખરીયાના ઘરેથી વગર લાયસન્સની ગે.કા.ના હથિયાર દેશી બનાવટની સીંગલ બેરલ ફુલ્લીદાર બંદુક (અગ્નિશસ્ત્ર) કિ. રૂ.૩૦૦૦નું પકડી પાડી આર્મસ એકટ મુજબ ગુન્હો રજી કરી આરોપીને પકડી પાડ્યો હતો.

પાલનપુરમાં બ્રીજેશ્વર કોલોની રોડ પર પાણી ભરાઈ ગયુ હતું જ્યાં રોડ પર ભુવા પડ્યા હતા તેના કારણે ત્યાંથી પસાર થતા વાહનો તેમાં પટકાયા હતા. તો ત્યાં મોટરસાઈકલ પર જતા લોકોને પણ ભોગ બનવુ પડ્યુ હતુ. આમ પાલનપુર પાલિકાના શાસકોની પોલ ઉઘાડી પડી હતી.

પ્રાંતિજ તાલુકાના ઓરણ ગામે ગ્રામ પંચાયતના સદસ્યો દ્વારા સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્ત મંજૂર

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઓરણ ગામે

સરપંચ સામે અવિશ્વાસની દરખાસ્તની રજુઆત થઈ હતી જેને લઈને આજે ઓરણ ગ્રામ પંચાયત ખાતે તાલુકા પંચાયતના અધિકારી દ્વારા સદસ્યોનો જાહેરમાં વિહ લેવામાં આવ્યો હતો જેમાં પંચાયતના ચુંટાયેલા સાત સદસ્યોમાંથી છ સદસ્યો સરપંચ વિરૂધ્ધ જતાં તાલુકામાથી આવેલ અધિકારી દ્વારા સરપંચને હોદ્દા પરથી બરતરફ કર્યા હતા.

પ્રાંતિજના ઓરાણ ખાતે આવેલ ઓરાણ ગ્રામ પંચાયતના સદસ્યો દ્વારા પ્રાંતિજ તાલુકા પંચાયત ખાતે તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયાને ઓરાણ સરપંચ વિરૂધ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂઆઈ કરવામાં આવી હતી જેને લઈને તાલુકા વિકાસ અધિકારી જે.એચ. કાપડીયાના માર્ગદર્શન હેઠળ

આજરોજ તા.૨૧-૬-૨૦૧૯ને શુક્રવારના રોજ અશ્વિનભાઈ પટેલ દ્વારા પોલીસ પ્રોટેકશન સાથે ઓરણ ગ્રામ પંચાયત ખાતે ગ્રામ પંચાયતના સદસ્યોનો વિહ લેવામાં આવ્યું હતું. જેમાં સાત સદસ્યો ઓરણા ગ્રામ પંચાયત ના શેક સાકિરમીયા નબીરમીયા, પઠાણ શબાનાબાનુ નસીબખાન, પઠાણ મુશીદાબાનુ નબીરમીયા, રાઠોડ સુનિતાબેન લક્ષ્મણસંગ, મકવાણા અંજુબા નરેન્દ્રસિંહ, પટેલ ગોવિદભાઈ પ્રભુદાસ છ સદસ્યોએ સરપંચ વિરૂધ્ધ આંગળી ઉચી કરી હતી.

એક સદસ્ય પટેલ રમણભાઈ પુંજાભાઈ દ્વારા સરપંચ પક્ષમાં આગળ ઉચી કરી હતી પણ છ સદસ્યોની બહુમતી પુરવાર થતાં ઉપસ્થિત તાલુકા પંચાયતમાંથી હાજર અધિકારી અશ્વિનભાઈ પટેલ દ્વારા સરપંચ સૈયદ કરામતઅલી બાકરઅલીને સરપંચ પદેથી બરતરફ કર્યા હતા.

પ્રાંતિજ નજીક ઈકો કાર કેનાલમાં ખાબકી

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના પીલુદરા પાટીયા નજીક ઈકો કાર પીલુદરા પાટીયા પાસે રોડની સાઈડમાં આવે કેનાલમાં ઈકો કાર ખાબકી હતી. ઈકો કાર ચાલક તથા ઈકોમાં બેઠેલ મહિલા શરીરે ગંભીર

કેનાલમાં ખાબકી હતી. કારમાં સવાર બે ને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ મારફતે સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા.

હિંમતનગર તરફથી ફુલ ફાસ્ટ આવતી ઈકો કાર નંબર જીજે ઝીરો બીબી ૯૮૫૦નો ચાલકે સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઈજાઓ પહોંચી હતી. આજુબાજુમાંથી પસાર થતાં લોકોને અકસ્માત અંગેની જાણ થતાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઈકો ચાલક અને કારમાં સવાર મહિલાને ઈકોમાંથી બહાર કાઢ્યા હતા અને રોડ ઉપર લઈ જવામાં આવ્યા હતાં. ૧૦૮ને ફોન કરાતા ૧૦૮ ઘટના સ્થળે દોડી આવી હતી. બન્ને ઈજાગ્રસ્તોને હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. ઈકો કાર સાબરકાંઠાના ભિલોડાના હોવાનુ જાણવા મળ્યું છે. એકબાજુ રોડના કામને લઈને ધુળની ડમરીઓ કે આડાઅવળા વળાંક કે પછી ઉભા કરેલ પીલ્લરોને લઈને રોજબરોજના અકસ્માતોમાં વધારો થયો છે ત્યારે રોડ કોન્ટ્રાક્ટરો દ્વારા વાહન ચાલકોની સલામતી માટેના કોઈ પગલાં ભરવામાં ના આવતા હાલ તો અકસ્માતોમાં ધરખમ વધારો થયો છે.

મોડાસામાં ચેરીટી કમિશનરની પરવાનગી વગર જમીન વેચતાં કોર્ટે દંડ ફટકાર્યો

મોડાસા, તા. ૨૨

મોડાસામાં આવેલી લલીતાબા સોની એજ્યુકેશન સંસ્થાના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની ગાજણ ખાતે આવેલી જમીન વેચતાં હિંમતનગરના જાહેર ટ્રસ્ટોની નોંધણી ઈન્ચાર્જ નિરીક્ષકે ૨૦૧૫માં કોર્ટમાં કેસ કર્યો હતો. જેનો ચુકાદો મોડાસાની જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ કોર્ટે આપી સંસ્થાના ટ્રસ્ટીઓને મહત્તમ દંડ ફટકાર્યો હતો. જેના પગલે સમાજમાં ટ્રસ્ટની મીલકતો સાથે ચેડાં કરનારાઓ માટે દાખલારૂપ ચૂકાદો આપ્યો હતો.

આ અંગે મળતી વિગતો અનુસાર મોડાસમાં આવેલી માતૃશ્રી લલીતાબા સોની એજ્યુકેશન સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા તાલુકાના ગાજણ ખાતે સંસ્થાની બિનપીયત બ્લોક નં-૨૮૦ હે.આરે.ચોમી ૨-૫૫-૯૭ જમીન આવેલી છે. આ પૈકીની ૧-૨૧-૪૧ હે.આરે.ચોમી જમીન ટ્રસ્ટીઓએ ચેરીટી કમિશ્નરની પરવાનગી મેળવ્યા સીવાય વેચાણ કરી દીધી હતી. આ અંગેની ફરિયાદ બી.એસ.ડામોર જાહેર ટ્રસ્ટોની નોંધણી ઈન્ચાર્જ નિરીક્ષકે ૬-૧૧-૨૦૧૫ના રોજ કરી હતી. જે કેસમાં સરકારી વકીલ જે.એસ. પટેલની દલીલો, દસ્તાવેજો અને ફરિયાદીની જુબાની ગ્રાહ્ય રાખી જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ આર.એમ. ચાવડાએ લલીતાબા એજ્યુકેશન સંસ્થાના ટ્રસ્ટીઓ ડૉ.અજયભાઈ કચરાભાઈ પટેલ, ડૉ.પ્રકાશભાઈ કાન્તીલાલ ગાંધી, જયંતિભાઈ હિરાભાઈ પટેલ, સોની જીતેન્દ્રકુમાર જેઠાલાલ, ઉપાધ્યાય રાજેશકુમાર ગૌરીશંકર, દિપકકુમાર રસીકલાલ શાહ, ખુરાના સુનિલકુમાર હરબંસલાલને નિયમ મુજબનો મહત્તમ દંડ ફટકાર્યો હતો. આ દંડ ફટકારી પબ્લીક ટ્રસ્ટની મિલકતને ટ્રસ્ટીઓ પોતાના અંગત હેતુ સીધ્ધ કરવા મિલકતને કોઈપણ પ્રકારનું નુકશાન ન કરે અને આ પ્રકારનો કોઈ ગુનો આચરે નહીં તેવો સમાજમાં દાખલારૂપ ચૂકાદો આપ્યો હતો.

ધનસુરા કોલેજ કેળવણી મંડળના હોદ્દેદારો

ધનસુરા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ કેળવણી મંડળની સામાન્ય સભા મળતાં નવા વર્ષ માટેના હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરતા પ્રમુખ તરીકે જયંતિલાલ છોટાલાલ શાહની પુનઃ નિમણુંક કરેલ છે. અન્ય હોદ્દેદારોમાં ટ્રસ્ટી તરીકે ગોપાલભાઈ ઠેકડી, પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમારની બિન હરિફ વરણી કરી છે. અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે કાન્તિભાઈ એસ. પટેલ, સુરેશભાઈ ગજ્જર,

મહેન્દ્રભાઈ એમ. શાહ સાથે પ મંત્રીઓમાં અતુલ બ્રહ્મભટ્ટ, અનિલભાઈ પટેલ, અન્ય ત્રણ, કોઓપ્ટ સભ્યમાં રાકેશ મહેતા, શૈલેષ શાહ, કેયુર શાહની પસંદગી કરેલ છે. સર્વાનુમતે વરણી પામેલ હોદ્દેદારોને ઉપસ્થિત સભ્યોએ આવકાર સાથે અભિનંદન પાઠવ્યા હતા.

દધાલિયા ગ્રામ પંચાયતને દબાણ હટાવવા ટીડીઓએ નોટિસ ફટકારી

મોડાસા, તા. ૨૨

મોડાસા તાલુકાના દધાલિયા ગામે ગેરકાયદેસર દબાણનો રાફડો ફાટ્યો છે. દધાલિયા ગામે એક સોની પરિવારે ગેરકાયદેસર દબાણ કરી દીવાલ ચણી દેતા ગામના જાગૃત નાગરિકે આ અંગે તાલુકા વિકાસ અધિકારીને રજુઆત કરતા ટીડીઓએ દબાણ હટાવવા અથવા બાંધકામ કરેલ જગ્યા માલિકીની હોય તો હક્ક આધાર પુરાવા રજુ કરવા દધાલિયા ગ્રામ પંચાયતને નોટિસ ફટકારતા ગ્રામ પંચાયતે દબાણ અંગે રજુઆત કરનાર જાગૃત નાગરિકને નોટિસ ફટકારી અરજદારે ઘર આગળ કરેલ બાંધકામ અને દરવાજા અંગે નોટિસ ફટકારતા દધાલિયા ગ્રામ પંચાયતની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ ઉભા થયા છે.

અરજદાર મંગળભાઈ પરમારના બાજુમાં રહેતા સોની પરિવારે નવેમ્બર માસમાં રસ્તા પર અવરોધ ઉભો કરી પાકુ બાંધકામ કરતા જે તે સમયે ગ્રામ પંચાયતમાં અરજી કરેલ પરંતુ અરજીને ધ્યાને ન લેતા ઉચ્ચકક્ષાએ લેખિત જાણ કરતા તાલુકા વિકાસ અધિકારીને ધ્યાને આવતા તેઓની ટીમે સ્થળ તપાસ કરી એપ્રિલ ૧૯માં ગ્રામ પંચાયતને નોટિસ પાઠવેલ છતાં નોટીસનો અનાદર કરી ત્રણ માસ વીતવા છતાં ઉચ્ચકક્ષાએ કરેલી રજૂઆતની અને તાલુકા વિકાસ અધિકારીએ ફાટકારેલી નોટીસની અદાવત રાખી માનસિક ત્રાસ આપી વારંવાર અરજદારને અલગ અલગ નોટિસો પાઠવી પરેશાન કરતા ગ્રામ પંચાયતને ફરી બે દિવસ અગાઉ તાલુકા વિકાસ અધિકારીએ નોટિસ પાઠવતા ગ્રામ પંચાયતે કારોબારી બોલાવી અરજદારને સંડાસ બાથરૂમ તેમજ ઘરની હદમાં કરેક જુના બોધકામની જે તે સમયે પરવાનગી મેળવી હોવાની આજરોજ અરજદારને નોટિસ પાઠવતા અનેક સવાલો ઉભા થાય છે. અરજદારે માત્ર ન્યાયની આશા રાખી રસ્તા પરનો અવરોધ દૂર કરવાની વિનંતી કરવા છતાં બળદના વોકે પખાલીને ડામ જેવો ગ્રામ પંચાયતે ગાટ સજ્યો છે. મુખ્યમંત્રી તથા કલેકટર સાહેબનેને લેખિત રજુઆત કરેલ છે. છેલ્લા સાત મહિનાથી ન્યાય તો નહીં પરંતુ પરેશાન કરવામાં આવે છે .ઉચ્ચ કક્ષાના અધિકારીઓને આ બાબત ધ્યાને આવે તો અરજદાર પરિવારને ન્યાય મળે તેવી આશાની અપેક્ષા છે.

પ્રાંતિજના નનાનપુર ખાતે ધારાસભ્યના હસ્તે ખાત મુહુર્ત

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નનાનપુર

ગામના વિશાળ તળાવમાં નર્મદાના નીર નાખવા માટે લાખ્ખોના ખર્ચે પાઈપલાઈન નાખવાના કામનુ વિધિવત ધારાસભ્ય ગજેન્દ્રસિહ પરમાર દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવ્યું.

નનાનપુર આવેલ તળાવ નર્મદાના નીરથી ભરવા માટે ગ્રામના સરપંચ દ્વારા અનેકવાર જિલ્લા સહિત તાલુકમા તથા ધારાસભ્ય સુધી રજુઆત કરી હતી અને ખાલી તળાવમાં નર્મદાનું પાણી ભરવા ભરવામાં આવે તો આજુબાજુમાં આવેલ ૨૦થી પણ વધારે ગામો તથા પશુ પંખીઓ સહિત ખેડૂતોના બોર કુવામાં પણ પાણીનુ સ્તર ઊંચુ આવશે જેવી અનેકવાર સરપંચની રજુઆતો બાદ તાજેતરમાંજ નર્મદાના નીર માટે લાખ્ખો રૂપિયાના ખર્ચે તૈયાર થશે. પ્રાંતિજ તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા પાઈપલાઈન માટેનું ખોદકામનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામજનો ખેડુતો સહિત લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. ગામના સરપંચ અને સહકારી આગેવાન ગીરીશભાઈ શંકરભાઈ પટેલ, માજી સરપંચ પુજાભાઈ, વણકર ડેપ્યુટી સરપંચ જનક પટેલ, તાલુકાના આગેવાનો રાજુભાઈ પટેલ સહિતના કાર્યકરો હજર રહયા હતા. નનાનપુરના આ વિશાળ તળાવમાં નર્મદાના નીર નંખાશે તો ગામના કિસાનોને સિચાઈના પાણીનો પેચીદી સમસ્યાનો ઉકેલ આવી જશે ને બોર કૂવાઓના જલસ્તોત જળવાતા કિસાનોને ખેતી માટે સોનામાં સુગંધ ભર્યાજેવુક્રામથશે. સરપંચ ગરીશભાઈ પટેલ ગામજનો દ્વારા ધારાસભ્યનુ શાનદાર સ્વાગત કર્યુહતું.

પાલનપુરમાં મહિલા ફૂટબાલ ટૂર્નામેન્ટ યોજાઈ : રાજ્યની ૧૨ ટીમોએ લીધો ભાગ

પાલનપુર

ગુજરાત સરકાર ભાઈઓની સાથે બહેનો પણ રમત-ગમત ક્ષેત્રે આગળ વધે તે માટે વિવિધ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે.ત્યારે આજે પિતા દીકરીઓના ભવિષ્ય બનાવવા માટે સમજે તે માટે ગુજરાત સરકાર વિવિધ કાર્યક્રમો કરી રહી છે. ત્યારે આજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે મહિલા ફૂટબોલ ટૂર્નામેન્ટનું

પાલનપુર પોલીસ હેડ ક્વાર્ટસ ખાતે મહિલા ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ગુજરાતમાંથી અનેક જિલ્લાની ટીમોએ ભાગ લીધો હતો.જેમાં ખેલાડીઓએ ભૂણહત્યા અટકાવવાના સંકલ્પ લીધા હતા.

ગુજરાત સરકાર મહિલા સશક્તિ કરણના કાર્યક્રમ અંતર્ગત મહિલાઓમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કરી રહ્યા છે. છેલ્લા ઘણા સમયથી ભૃણ હત્યાના બનાવો દિવસે ને દિવસે વધી રહ્યા છે ત્યારે આવા બનાવો અટકે અને માતા-આયોજન કરવામાં આવ્યું હતું આ ટુર્નામેન્ટમાં મુખ્ય ઉદ્દેશ્ય દરેક મહિલાઓમાં જાગૃતિ આવે અને ભાઈઓની જેમ જ મહિલાઓ પણ કંઈક કરી શકે છે તે માટે આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું આ ફૂટબોલ ટુર્નામેન્ટમાં ગુજરાતના અનેક જિલ્લામાંથી ૧૨ મહિલાઓની ટીમોએ ભાગ લીધો હતો અને ખેલદિલીપૂર્વક આ ફૂટબોલની રમત રમી હતી આ સમગ્ર ટુર્નામેન્ટનું આયોજન બનાસકાંઠા ફુટબોલ એસોસીયેશન અને પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું પાલનપુર પોલીસ સ્ટાફ દ્વારા પણ આ ટૂર્નામેન્ટમાં સારો એવો સહયોગ આપવામાં આવ્યો હતો.આ ટુર્નામેન્ટમાં ગુજરાતની પ્રખ્યાત સિંગર કિંજલ દવે દ્વારા પ્રથમ ફુટબોલ ટુર્નામેન્ટનું ટોસ કરી ટુર્નામેન્ટને ખુલ્લી મૂકવામાં આવી હતી આ ટુર્નામેન્ટમાં વિજેતા ટીમ આગામી સમયમાં ગોવા ખાતે રમાનાર ફૂટબોલની ગુજરાતની ટીમમાંથી રમવા માટે જશે.આ કાર્યક્રમમાં બનાસકાંઠા સાંસદ પરબતભાઈ પટેલ,પાલિકા પ્રમુખ અશોકભાઈ ઠાકોર, ડીવાયએસપી એ.આર. જનકાંત, દુષ્યંતભાઈ પંડ્યા, હરેશ ચૌધરી, હિતેશ ચૌધરી, સાગરભાઈ જાની સહીતના આગેવાનો હાજર રહ્યા હતા.